# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-09-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# ASSEMBLY SESSION

રાજ્યમાં વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ અને સંચય થાય તે માટે સરકાર પ્રતિબદ્ધ છે. વિધાનસભામાં આજની પ્રશ્નોત્તરી દરમિયાન ધારાસભ્યએ પૂછેલા પ્રશ્નના જવાબમાં જળ સંપત્તિ રાજ્યમંત્રી મુકેશ પટેલે જણાવ્યું, જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં 12 અને દેવભૂમિ દ્વારકામાં 13 નવા ચેકડેમ મંજૂર કરાયા છે. અત્યાર સુધીમાં કુલ 586 નવા ચેકડેમ બનાવવામાં આવ્યા છે. શ્રી પટેલે પેટા પ્રશ્નનો જવાબ આપતા કહ્યું , જામનગરમાં છેલ્લા ત્રણ વર્ષમાં 9 ચેકડેમને મંજૂરી મળી છે તેમાંથી ત્રણનું કામ પૂર્ણ કરાયું. જ્યારે દેવભૂમિ દ્વારકામાં 6 ચેકડેમની મંજૂરી મળી હતી તેમાંથી એક ચેકડેમનું કામ પુરું કરાયું છે.

દરમિયાન મુખ્યમંત્રીએ ઓપરેશન સિંદૂર અંગે પ્રધાનમંત્રીને અભિનંદન આપતો પ્રસ્તાવ ગૃહમાં રજૂ કર્યો હતો. વિપક્ષે પણ ઓપરેશન સિંદૂર અંગેના પ્રસ્તાવને ટેકો આપ્યો હતો.

ગૃહમાં આજે  નાણાં ઉર્જા ,  ઉદ્યોગ,  લઘુ ઉદ્યોગ ,  સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ તથા સહકાર વિભાગના પ્રશ્નો રજૂ કરાશે. આ ઉપરાંત આજે બે સરકારી ખરડા ગુજરાત વસ્તુ અને સેવા વેરા (દ્વિતિય સુધારા) ખરડો અને ગુજરાત જન વિશ્વાસ સુધારા ખરડો રજૂ કરાશે.

. . . . .

# PAK NUKSAN

બનાસકાંઠા અને કચ્છમાં ભારે વરસાદથી જનજીવનને અસર થઈ છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આજે ગાંધીનગરમાં માધ્યમોને માહિતી આપતા કહ્યું , રાહત અને બચાવ કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી બનાસકાંઠાની સ્થિતિની સમીક્ષા કરવા ગઈકાલથી જિલ્લાની મુલાકાતે છે.

(BYTE: RUSHIKESH PATEL, PRAVAKTA MANTRI)

કચ્છના રાપરના ધારાસભ્ય  વિરેન્દ્રસિંહ જાડેજાએ કહ્યું , તેઓ વરસાદને લઈ ખેડૂતોને થયેલા નુકસાન અંગે સરવે કરવા સરકારને રજૂઆત કરશે.

(BYTE: VIRENDRASINH JADEJA, MLA, RAPAR, KACHCHH)

. . . . . . . . . .

# RAIN FORECAST

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 108 ટકા સુધી પહોંચ્યો છે. તેમાં પણ સૌથી વધારે 119 ટકા જેટલો સરેરાશ વરસાદ ઉત્તર ગુજરાતમાં નોંધાયો છે. વરસાદને લઈ રાજ્યના 103 બંધ 100 ટકા ભરાઈ ગયા છે. જ્યારે 135 બંધ હાઈ-અલર્ટ અને 20 બંધ અલર્ટ પર રખાયા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં પણ જળ સંગ્રહ 91 ટકા સુધી થઈ ગયાના અહેવાલ છે.

દરમિયાન હવામાન ખાતાએ આજે સમગ્ર કચ્છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે. તો માછીમારોને 12 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

બીજી તરફ , રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટ્યું છે. તેમ છતાં કેટલાક જિલ્લામાં ધોધમાર વરસાદ થયો છે.

તાપીમાં દક્ષિણ ગુજરાતના જીવાદોરી સમા ઉકાઈ બંધમાં પાણીની આવક યથાવત્ છે. ઉપરવાસમાંથી એક લાખ 10 હજારથી વધુ ક્યૂસેક પાણીની આવક થતાં બંધની સપાટી હાલ 340 ફૂટની નજીક પહોંચી છે. આ ઉપરાંત હાથનૂર બંધમાંથી 26 હજાર 628 અને પ્રકાશા બંધમાંથી 74 હજાર 542 ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે.

. . . .

# CM EXPO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદમાં ઓલ ગુજરાત કેટરર્સ એસોસિએશન પ્રદર્શનને ખુલ્લુ મૂક્યું. આવતીકાલ સુધી યોજાનારા આ પ્રદર્શનમાં 150 જેટલા સ્ટોલ અને અંદાજે 2 હજાર 500 જેટલાં એક્ઝિબિટર્સ ભાગ લઈ રહ્યા છે, જેમાં વિવિધ દેશોની ભોજન સામગ્રી અને રસોઈકળાનું પ્રદર્શન થશે. આ એકસ્પોમાં ખાદ્ય અને પેય ઉદ્યોગો સાથે સંકળાયેલા 5 હજારથી વધુ મુલાકાતીઓ લેશે.

. . . . . . . . . . . . .

# RAJKOT HELMET

વાહનચાલકોએ ફરજિયાત હેલ્મેટ પહેરવાના મુદ્દે રાજકોટના ધારાસભ્યોએ આજે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સાથે મુલાકાત કરી. ગૃહ રાજ્યમંત્રીએ દંડ દ્વારા આ નિયમની અમલવારી ન કરવા ધારાસભ્યોને ખાતરી આપી છે તેમ ધારાસભ્ય ઉદય કાનગડે જણાવ્યું હતું.

(બાઇટ : ઉદય કાનગડ, ધારાસભ્ય)

. . . . . .